**ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી**

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

SGCCI

Ref no. PN 2025-26/199 Dt. 30/10/2025

તંત્રીશ્રી, ________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

## ટેક્સટાઇલ ક્ષેત્રના હિતમાં ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા દ્વારા નવી દિલ્હી ખાતે સંસદીય ઉદ્યોગ સમિતિ સમક્ષ વિવિધ મુખ્ય મુદ્દાઓ અંગે રજૂઆત

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઑફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રીના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા અને ચેમ્બરની ટેક્સટાઇલ ટાસ્ક ફોર્સના એડવાઇઝર તથા ભારત સરકારના પૂર્વ એડિશનલ ટેકસટાઇલ કમિશનર શ્રી એસ.પી. વર્માએ બુધવાર, તા. ૨૯ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ નવી દિલ્હી સ્થિત સંસદ ભવનના પાર્લામેન્ટરી એનક્સ બિલ્ડિંગ ખાતે યોજાયેલી સંસદીય ઉદ્યોગ સમિતિ (Parliamentary Committee on Industries)ની બેઠકમાં ઉપસ્થિત રહી ટેક્સટાઇલ ક્ષેત્રના હિતમાં વિવિધ મુખ્ય મુદ્દાઓ અંગે વિગતવાર રજૂઆત કરી હતી.

શ્રી અશોક જીરાવાલા અને શ્રી એસ.પી. વર્માએ સંસદીય ઉદ્યોગ સમિતિ સમક્ષ રજૂઆત કરી હતી કે, યુએસ ટેરિફના કારણે ટેક્સટાઇલ MSME ઉદ્યોગો સામે ઉભા થયેલા પડકારોને પહોંચી વળવા માટે સરકાર દ્વારા તાત્કાલિક પગલાં લેવાં જરૂરી છે.

તેમણે ખાસ કરીને સમિતિને જણાવ્યું હતું કે, ક્યુસીઓ (QCO) હેઠળ આવતા એવા કાચા માલ (જેમ કે MMF ફાઇબર અને ફિલામેન્ટ યાર્ન) તથા મશીનો, જે ભારતમાં બનતા નથી અથવા પૂરતા પ્રમાણમાં ઉપલબ્ધ નથી, તેના પરના પ્રતિબંધો દૂર કરવામાં આવે. એન્ટી-ડમ્પિંગ ડ્યુટી જે હાલ MMF યાર્ન

અથવા તેના કાચા માલ (MEG અને PTA) તથા વિસ્કોસ યાર્ન પર લાગુ છે, તેને દૂર કરવામાં આવે. MEG અને PTA પરના શુલ્કમાં ઘટાડો કરવામાં આવે, જેથી MMF યાર્ન સસ્તા દરે ઉપલબ્ધ થઈ શકે.

યુએસમાં એક્સપોર્ટને પ્રોત્સાહન આપવા માટે નિકાસ પ્રોત્સાહન (Export Incentives)માં વધારો કરવામાં આવે, જેથી MSME ઉદ્યોગો યુએસ ટેરિફનો સામનો કરી શકે. એવા દેશો ઓળખી શકાય જ્યાં વસ્તી તથા ખરીદ શક્તિ વધુ હોય અને આગામી ત્રણ મહિનામાં સરકાર તરફથી ટેક્સટાઇલ અને એપેરલની માંગ અંગે વિગતવાર અહેવાલ તૈયાર કરીને બધા ટેક્સટાઇલ ક્લસ્ટર્સને આપવામાં આવે, જેથી તેઓ સંબંધિત દેશોની માંગ મુજબના સેમ્પલ્સ અને પ્રોડક્ટ્સ તૈયાર કરી શકે.

ભારતીય દૂતાવાસોને (Embassies) નિર્દેશ આપવામાં આવે કે, તેઓ સંબંધિત દેશોમાં એક્સપોર્ટને વધારવા માટે હેન્ડહોલ્ડ સપોર્ટ પૂરો પાડે. ટેક્સટાઇલ ઉત્પાદકો માટે એવો લિગલ વાયારૂટ (via route) સૂચવવામાં આવે કે જેના માધ્યમથી તેઓ કાયદેસર રીતે યુએસ માર્કેટમાં સપ્લાય કરી શકે. યુએસમાં એક્સપોર્ટ માટે RoDTEP દરમાં વધારો, 10% ડ્યુટી ડ્રૉબેક, તેમજ 5% વ્યાજની પરતફેર (Interest Reimbursement) જેવી સહાય એક્સપોર્ટ ક્રેડિટ ગેરંટી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા (ECGC) મારફતે આપવામાં આવે.

આ ઉપરાંત, ટેક્સટાઇલ ક્ષેત્રે MSME ઉદ્યોગો માટે મૂડીની ચૂકવણી પર બે વર્ષનો મોરેટોરિયમ તથા 30% કોલેટરલ-ફ્રી લોનની સુવિધા પણ ECGC મારફતે આપવામાં આવે, એવી રજૂઆત કરાઇ હતી.

શ્રી અશોક જીરાવાલા અને શ્રી એસ.પી. વર્માએ સંસદીય ઉદ્યોગ સમિતિ સમક્ષ વિસ્તૃત છણાવટ કરતા જણાવ્યું હતું કે, યુએસ દ્વારા લાદવામાં આવેલા ટેરિફના કારણે MSME ઉદ્યોગો પર ગંભીર અસર પડી રહી છે. જો સરકાર સમયસર જરૂરી પગલાં લે તો સુરત સહિત સમગ્ર દેશના ટેક્સટાઇલ ઉદ્યોગોને મોટું સંરક્ષણ મળશે અને એક્સપોર્ટમાં સ્થિરતા આવશે.